ગુજરાતી સાહિત્ય મંડળ

સુરત.

પત્રિકા ચોથી

ગાંડીવ મુદ્રણાલય, કેળાપીઠ.
છાપી; અને હીરાચંદ કસ્તુરચંદ
સીધી સુરતથી

ગુજરાતી સાહિત્ય મંડળ

પત્રિકા ચોથી.

બે બોલ

ગુજરાતી સાહિત્ય મંડળના ઉદ્દેશો અનુસાર આ ચોથી પત્રિકા બીજા વરસની અધવચમાં પ્રગટ કરવામાં આવે છે. આશા છે કે સભ્યો એમાં હવે પછી વધુ રસ-પૂર્વક ભાગ લેશે.

મંત્રીઓ.

જીવન સૂત્રમાળા.

અનુવાદકના બે બોલ

અર્વાચીન યુરોપીય સાહિત્યના નભોમંડળમાં શેક્સપિયર અને ગોયટે સૂર્યચંદ્રવત્ વિરાજે છે. ગોયટેએ, સાહિત્યસૂત્રો, કળાસૂત્રો, જીવનસૂત્રો વગેરે અનેક પ્રકારનાં સૂત્રો લખ્યાં છે તે ગ્રંથાકારમાં પ્રસિદ્ધ થયાં છે અને બહુ વખાણાયાં છે. તેમાંથી ૧૦૮ જીવનસૂત્રોનો અનુવાદ કરી 'જીવનસૂત્રમાળા' એ નામે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

પ્રાચીન આર્ય સંસ્કૃતિમાં મહાન ઋષિઓ જેવું સ્થાન ભોગવે છે તેવુંજ સ્થાન આધુનિક પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ત્યાંના મહાન સાહિત્યકો ભોગવે છે ઋષિવરોના વચનોમાં એવું અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે કે તેમનું કહેલું એકાદેક મહાવાકય કોઈ જગાએ જઈને પડે, તો ત્યાં રહેલાં મનુષ્યોનાં હૃદયને હલાવી નાખ્યા વગર રહે નહિ. **પાસ્કલ, રોશફુકોલ્ડ, ગોયટે, શોપનહોર, લિયોપાર્ડી** આદિનાં વચનોમાં પણ એવીજ ખૂબી રહેલી છે. એ વચનોનું વિશિષ્ટ લક્ષણ તેમની અર્થપ્રચુરતા છે. એ કંઇ સુંદર શબ્દો સાથે ગોઠવીને બનાવી કાઢેલા સુંદર વાકયો નથી. એવી રીતે ઉત્તમ સૂત્રો બનાવવાના પ્રયત્નો હમેશાં નિષ્ફળ ગયા છે. ગોયટેએ લાંબુ આવર્દા

ભોગવ્યું હતું અને તેમાં અગાધ જ્ઞાન, ગહન ચિંતવન અને વિશાળ અનુભવ, એ ત્રણેનો વિરલ સંયોગ થયો હતો, તેને પરિણામેજ એ ઉત્તમ સૂત્રો લખી શકયો હતો. અહિં ચુંટી કાઢેલાં બધાં સૂત્રો એકજ કોટીનાં નથી, એટલે દરેક કોટીના મનુષ્યને અસર કરે એવું કંઇક આમાંથી નીકળી આવશે એમ આશા રહે છે.

આમાનું એક પણ સૂત્ર, એકપણ રડ્યાખડ્યા વાચકના ક્રિયાહીન જીવનમાં નવચેતન રેડવા, અથવા વિચારહીન વર્તનમાં શુભ પરિવર્તના કરાવવા શક્તિમાન થશે તો અનુવાદક પોતાનો પ્રયત્ન સફળ થયલો ગણી લેશે. વિશેષ લખવાની જરૂર નથી, કારણ કે મોટા લેખક પર નાના લેખકનું લખાણ વાંચવા કરતાં મૂળ લેખકનાંજ વચનામૃતનું પાન કરવું વધારે ઇષ્ટ છે.

વ્યોમેશચંદ્ર જનાર્દન પાઠકજી.

૧

વિચારવા યોગ્ય કંઇ એવું નથી કે જે પૂર્વે વિચારાઈ ગયું ન હોય; આપણે માત્ર તેને ફરીથી વિચારવાનોજ પ્રયત્ન કરવાનો છે.

૨

માણસ પોતાને શી રીતે જાણી શકે? વિચાર કર્યાથી કદી પણ નહિ પણ કાર્યથી. તમારી ફરજ બજાવવાનો પ્રયત્ન કરો એટલે એકદમ તમે તમારી કીંમત કેટલી છે તે જાણશો.

૩

પણ તમારી ફરજ કઇ ? દિવસના કરવાનાં કાર્યો.

૪

તમે કોનો સંગ કરો છો તે કહો એટલે તમે કોણ છો તે હું કહીશ. તમારો ધંધો શો છે તે હું જાણું તો તમને કેવા બનાવી શકાય તે હું જાણું.

૫

એકલું ફુંકવાથી તમે વાંસળી નહિ વગાડી શકો; તમારે તમારી આંગળીઓ પણ ચલાવવી જોઇએ.

૬

પોતાની શક્તિ જાણનારા અને તેને વિનીતતા તથા ડહાપણથી વાપરનારા, વ્યવહારિક બુદ્ધિવાળા માણસોજ દુન્યવી બાબતોમાં ફ-તેહમંદ થાય છે.

૭

પોતાની કીંમ્મત હોય તેના કરતાં વધારે આંકવી અથવા ઓછી આંકવી એ મોટી ભૂલ છે.

૮

ચારિત્ર્ય ચારિત્ર્યને બહાર લાવે છે.

૯

આપણને આપણા પર સંયમ રાખતાં શિખવ્યા વગર આપણને સ્વતંત્ર બનાવનાર દરેક વસ્તુ હાનિકર છે.

૧૦

બીજાના સદ્‌ભાવથી પ્રસન્ન થતો હોય ત્યારેજ માણસ

ખરેખરો જીવતો હોય છે.

૧૧

ધાર્મિકતા કંઇ સાધ્ય નથી, પણ સાધન છે; આત્માની નિર્મળ શાંતિ વડે ઉચ્ચતમ સંસ્કારિતા પ્રાપ્ત કરવાનું સાધન છે.

૧૨

આ પરથીજ એમ કહી શકાય કે જેઓ ધાર્મિકતાને સાધ્ય અને હેતુ તરીકે ખડી કરી દે છે. તેઓ ઘણુંખરૂ દંભી હોય છે.

૧૩

માણસ જ્યારે વૃદ્ધ થાય ત્યારે પોતે જુવાન હોય તેના કરતાં વધારે કામ કરવું જોઇએ.

૧૪

બીજા માણસોનો અભિપ્રાય મારે સાંભળવાનોજ હોય તો તે નિર્ણયાત્મક રીતે વ્યક્ત થવો જોઈ એ. વિવાદાસ્પદ વસ્તુઓ મારામાં પૂરતી છે.

૧૫

વહેમ એ માણસના ખુદ અસ્તિત્વનોજ ભાગ છે; આપણે એનો પૂરેપૂરો બહિષ્કાર કીધો છે એમ ધારીએ ત્યારે કંઇ અવનવા ખૂણાખોચરામાં ભરાઈ બેસે છે, અને પોતે કંઇક પણ સલામત છે એમ ધારે કે એકદમ પાછો બહાર આવે છે.

૧૬

તમે વાંચી શકતા હો તો તમારે સમજવું જોઇએ; તમે લખી શકતા હો તો તમારે કંઇ જાણવું જોઇએ; તમે માની શકતા હો તો તમારા મગજમાં ઉતરવું જોઇએ; તમે કામના રાખો તો તમારે કર્મ કરવું પડશે; તમે માંગો તો તમને મળશે નહિ; અને તમે અનુભવી હો તો તમારે બીજાને ઉપયોગી થવું જોઈએ.

૧૭

પ્રવૃતિમાં રાખીએ છીએ તેમ ચિંત્વનમાં પણ પ્રાપ્ય અને અપ્રાપ્યનો ભેદ રાખવો જોઈએ; એમ કર્યા વગર જીવનમાં કે જ્ઞાનમાં કંઇ સિદ્ધિ નહિ મળે.

૧૮

દરેક મહાન્ વિચાર પહેલો દેખા દે છે ત્યારે પ્રજા-પીડક હોય છે; આથી એ જે ફાયદાઓ ઉપજાવે તે બહુજ ત્વરાથી ગેરફાયદા બની જાય છે. માટેજ, કોઈપણ અસ્તિ-ત્વમાં હોય એવી સંસ્થાનો બચાવ કે વખાણ કરવાં હોય તો તેની શરૂઆતમાં જે સત્યો તેને લાગુ પડતાં તે બધાં-જ હજુ પણ તેને લાગુ પડે છે.

૧૯

શાંતિ અર્પનારી શક્તિઓ બે છેઃ કાયદો અને લાયકી.

૨૦

સત્યમાંજ શાણપણ રહેલું છે.

૨૧

હું ભૂલ કરૂં ત્યારે દરેક જણુ તે જોઈ શકે છે; જુઠું બોલું ત્યારે નહિ.

૨૨

દુનિયા જોઇએ તેટલા કોયડાઓથી શું ભરપૂર નથી કે આપણે સાદામાં સાદા બનાવોમાંથી વળી કોયડાઓ બનાવીએ છીએ ?

૨૩

પાતળામાં પાતળા વાળનો પડછાયો પડે છે.

૨૪

ઉદારતાથી દરેક જણુને મહેરબાની મળે છે—ખાસ કરીને સાથે વિનય હોય ત્યારે.

૨૫

સદ્દભાવ અને સદ્દહેતુ રાખ્યા છતાં માણુસો એકએકને સહેલાઇથી ઓળખી જતાં નથી. અને પછી દુર્મતિ વચ્ચે આવીને બધું ચુંથી નાખે છે.

૨૬

એક માણુસ બીજાની સમાન કક્ષાએ પોતાને મૂકવાને આતુર ન બનતો હોય તો આપણે એકબીજાને વધારે સારી રીતે પીછાણીએ.

૨૭

જ્યાં જ્યાં પાણી હોય ત્યાં ત્યાં દેડકાઓ નથી હોતા; પણુ જ્યાં દેડકાઓ હશે ત્યાં તમે પાણી જોશો.

૨૮

દરેક માણસની પ્રકૃતિમાં એવું કંઇક હોય છે કે જે તે ખુલ્લેખુલ્લું વ્યક્ત કરે, તો જરૂર ખોટું લગાડયા વગર રહે નહિ.

૨૯

માણસ પોતાની શારીરિક કે નૈતિક સ્થિતિ વિગારે તો સાધારણ રીતે પોતે બિમાર છે એમજ લાગે.

૩૦

ઇતિહાસ—લેખન એ ભૂતકાળને ખસેડી મૂકવાનો એક રસ્તો છે.

૩૧

માણસ જે સમજતો નથી તેનો માલિક નથી.

૩૨

મારા શબ્દાર્થની વિરુદ્ધ પડવાને બદલે લોકોએ મારા ભાવાર્થ મૂજબ વર્તવું જોઈએ.

૩૩

આપણે જેની પાસ હમેશાં શિખતા હોઇએ તે આપણા ખરા ગુરુ કહેવાય; પણ જે કોઈ આપણને શિખવે તે આ ઇલ્કાબને યોગ્ય નથી.

૩૪

સૂર્ય પ્રકાશે છે ત્યાં સુધી ધુળ ચળકે છે.

૩૫

દરેક જણને કેટલીક ખાસીયતો હોય છે તે તે દૂર કરી શકતો નથી; છતાં ઘણા જણ પોતાની ખાસીયતોથી

નાશ પામ્યા છે—અને તે પણ ઘણીજ નિર્દોષ પ્રકારની.

૩૬

કોઇપણ માણુસ પોતાને વિષે જોઇએ તેના કરતાં વધારે વિચાર કરતો ન હોય, તો તે પોતાને માનતો હોય તેના કરતાં ઘણો વધારે મોટો હોય છે.

૩૭

માણુસે પોતાના નિર્ણયોમાં વધારે વિવેકી થવાને માટે માત્ર વૃદ્ધ થવાનીજ જરૂર છે; હું એવો કોઇ અપરાધ કરાતો જોતો નથી કે જે મેં પોતે ન કર્યો હોત.

૩૮

ટેવના માર્યા આપણે અટકી ગયલાં ઘડિઆળ તરફ જાણે તે ચાલતું હોય તેવી રીતે જોઇએ છીએ, અને સુંદરીના ચહેરાને તે જાણે હજુ આપણુને ચહાતી હોય એવી રીતે નીરખીએ છીએ.

૩૯

જે સત્ય બીજાઓએ સ્વીકાર્યું તે સ્વીકારવાથી પોતાની મૌલિકતામાં ઊણપ આવી જશે એમ માનવામાં ચતુર યુવકો સહુથી વધારે મૂર્ખાઈ ભરેલી ભૂલ કરે છે.

૪૦

સુંદરતા પોતાને કદી ખરેખરી સમજી શકતી નથી.

૪૧

સત્ય શોધી કાઢવા કરતાં ભૂલ શોધી કાઢવી ઘણી સહેલી છે; કારણ કે ભૂલ તો સપાટી પર પડેલી હોય છે

અને ઓળંગી શકાય છે; પણ સત્ય તો ઉંડાણુમાં પડેલું હોય છે અને તેની શોધ કરવાની દરેકમાં શક્તિ નથી હોતી.

૪૨

કોઈનું પણ જીવન છિન્નભિન્ન થઇ જાય એમ આપણે ઇચ્છવું ન જોઈએ; પણ કદી અકસ્માત્ કોઇ માણુસનું જીવન છિન્નભિન્ન થઈ જાય તો તેનાં ચારિત્ર્યની કસોટી થાય છે અને તેનામાં કેટલી નિશ્ચય શક્તિ છે, તે પણ દેખાઇ આવે છે.

૪૩

જો કોઇ માણુસને પ્રેમ ન આવડતો હોય તો તેણે ખુશામદ કરતાં શિખવું જોઇએ; નહિ તો તે ફ-તેહ નહિ મેળવે.

૪૪

હું નિષ્કપટ થવાનું વચન આપી શકું પણ નિષ્પક્ષપાત થવાનું નહિ.

૪૫

કૃતઘ્નતા એ હુમેશાં એક પ્રકારની નબળાઈ છે. સમર્થ પુરુષોમાં કોઇને મેં કૃતઘ્ન થયેલો જોયો નથી.

૪૬

લોકસમૂહને સમર્થ પુરુષો વગર ચાલતું નથી, અને એવા માણુસો હમેશાં તેને ભારરૂપ હોય છે.

૪૭

દુનિયા તડવાળા ઘંટ જેવી છે; એ ખખડે છે પણ

રણકો કરતી નથી.

૪૮

એવા લોકો પણ છે કે જેમણે ભૂલો ન કીધી હોય. કારણ કે કરવા જેવું કંઇ પણ કરવાનો તેઓ કદી પ્રયત્ન નથી કરતા.

૪૯

તમે કુલીન કુટુંબના છો કે નીચ કુટુંબના તે બધું સરખું છે. તમારે હમેશાં તમારાં મનુષ્યત્વની કીંમત આપવી પડશે.

૫૦

ચતુર માણસ મૂર્ખાઇ કરે તો તે નાનીસૂની ન હોય.

૫૧

માણસ ઓછું જાણતો હોય છે ત્યારેજ કંઈક પણ જાણતો હોય છે. જ્ઞાન વધે તેની સાથે શંકા વધે છે.

૫૨

માણસની ભૂલોજ તેને પ્રીતિપાત્ર બનાવે છે.

૫૩

જેવી રીતે રોમમાં, રોમનો સિવાય, પુતળાંઓની વસતી હતી, તેમ આ સત્ય જગત્ સિવાય, તેથી બલવત્તર ભ્રમમય જગત્ છે તેમાંજ ઘણાખરા માણસો વસે છે.

૫૪

વિચારો પાછા આવે છે; માન્યતાઓ ચાલુ રહે છે; હકીકત જાય છે ને કદી ફરી આવતી નથી.

૫૫

આશા દુઃખીનો બીજો આત્મા છે.

૫૬

પરાપૂર્વથી, જમાનાએ નહિ પણ વ્યક્તિઓએજ જ્ઞાન માટે કાર્ય કીધું છે. જમાનાએ તો સોક્રેટીસને ઝેર આપી મારી નાંખ્યો, જમાનાએજ હુસને બાળી મૂકયો. જમાનાઓ હમેશાં સરખાજ નીવડયા છે.

૫૭

નિપુણતા ઘણી વખત અહંતા લાગે છે.

૫૮

ઉત્સાહ ઘણોજ મૂલ્યવાન્ છે—જ્યાં સુધી આપણે તેમાં તણાઈ ન જઇએ ત્યાં સુધી.

૫૯

ભૂલ અને સત્ય વચ્ચે, સુષુપ્તિ અને જાગૃતિના જેવોજ સંબંધ છે. મેં જોયું છે કે ભૂલમાંથી જાગ્રત્ થતાં માણસ સત્ય તરફ નવા ઉત્સાહથી વળે છે.

૬૦

અનાડીપણાને ઠપકો દેવો નકામો છે; એ કદી ફેરવાતું નથી.

૬૧

સહુથી ઉત્તમ સરકાર કઇ ? આપણને આપણા પર હકુમત ચલાવતાં શિખવે તે.

૬૨

અજ્ઞાન ક્રિયાવાન્ બને એથી વધારે ભયંકર કંઇ નથી.

૬૩

સૌંદર્ય અને પ્રતિભાના ગુલામ ન થવું હોય તો તેને દૂર રાખવાં.

૬૪

માણસો આપણી પાસે આવે એટલે આપણે તેમને ઓળખી જતા નથી. તેઓ કેવા છે તે શોધી કાઢવા આપણે તેમની પાસે જવું જોઇએ.

૬૫

જે બળજોરીથીજ મળી શકે છે—અથવા બળજોરીથી પણ નથી મળી શકતું—તે, જેને આપણે સદ્‌વર્તન અને સારી રીતભાત કહીએ છીએ, તેનાથી મળે છે.

૬૬

જો મરદો એમ જાણતા હોય કે નાક પર ચશ્મા ચઢાવવાથી સ્ત્રીઓને સામું જોવાની અથવા વાત કરવાની વૃત્તિ થતી નથી, તો કોઇ એવી રીતે ઓરડામાં દાખલ ન થાય.

૬૭

માનભરી ઢબ રાખવાની જગાએ પરિચિત ઢબ હમેશાં ઉપહાસનીય લાગે છે.

૬૮

માણસની રીતભાત એક આયનો છે જેમાં તે પોતા-

ની છબી બતાવે છે.

૬૯

ઐચ્છિક પરતંત્રતા એ ઉત્તમ દશા છે અને પ્રેમ સિવાય એ કેવી રીતે સંભવી શકે ?

૭૦

સ્વતંત્ર ન હોવા છતાં પોતાને સ્વતંત્ર ધારનારના કરતાં વધારે મોટો ગુલામ કોઇ નથી.

૭૧

કોઇ ઘણો ચઢીઆતો હોય તો તેની આગળ પ્રેમ સિવાય બીજો કોઇ ઈલાજ નથી.

૭૨

મહાન પુરુષો હમેશાં કોઇ નબળાઇ મારફત તેમના જમાનાની સાથે સંકળાયલા હોય છે.

૭૩

આપણે સાધારણ રીતે માણસોને તેઓ હોય છે તેનાં કરતાં વધારે ભયંકર લેખીએ છીએ.

૭૪

મૂર્ખા અને શાણા બેઉ નિરુપદ્રવી હોય છે. અડધા મૂર્ખા અને અડધા શાણા માણસોજ સૌથી વધારે ભયંકર હોય છે.

૭૫

લણવા જેટલું વાવવું દુઃખકર નથી.

૭૬

માણસો જે વસ્તુઓને હસી કાઢે છે તે પરથી તેમનું ચારિત્ર્ય વર્તાય છે તેટલું બીજા કશાથી વર્તાતું નથી.

૭૭

વિષયી માણસ કંઇ હસવા જેવું ન હોય ત્યારે પણ હસે છે. ગમે તે વસ્તુએ તેના પર અસર કરી હોય, ત્યારે તે પોતે પોતા પર ખુશ છે એમ એ બતાવે છે.

૭૮

જુવાન સ્રીઓની પંચાતમાં પડવા બદલ એક વયોવૃદ્ધ માણસને ઠપકો દેવામાં આવ્યો ત્યારે તેણે જવાબ દીધો 'ગયલી જુવાની પાછી મેળવવાનો એજ રસ્તો છે અને એમ કરવાની તો બધાજ ઇચ્છા રાખે છે.

૭૯

કેટલી બધી વખત ગેરસમજુતીઓ થાય છે તે જો માણસો જાણતા હોય તો સમાજમાં કોઇ બહુ ન બોલે

૮૦

આપણે વસ્તુ બરાબર સમજ્યા હોતા નથી તેથીજ, ફેરફાર કર્યા વગર આપણે તે ફરી બોલી શકતા નથી.

૮૧

બુદ્ધિમાન્ માણસને લગભગ બધુંજ ઉપહસનીય લાગે છે. શાણા પુરૂષને ભાગ્યેજ કંઇ એવું લાગે છે.

૮૨

આપણે કેવી રીતના દોષો રાખવા—અરે! કેળવવા

જોઇએ ? જે બીજાને ખુશ કરે તે, ખોટું લગાડે તે નહિ.

૮૩

જીવનના પંથમાં આવેલી ગુપ્ત જગાઓ બતાવી શકાતી નથી. કેટલાક એવા ગુન્હાનો ખડકો છે કે જ્યાં દરેક મુસાફર લથડાય. પણ કવિ તેઓ કયાં છે તે તરફ આંગળી કરે છે.

૮૪

સત્ય ઈશ્વરના જેવું છે: આપણે તેને ખુદને જોઈ શકતા નથી; તેના આવિર્ભાવો પરથી આપણે તેની અટકળ કરવાની છે.

૮૫

જ્ઞાતમાંથી અજ્ઞાત કેમ તારવવું તે ખરો પંડિત શિખે છે અને ગુરુની સમીપ પહોંચે છે.

૮૬

જ્યાં હું નીતિમાન્ થઇ શકતો નથી ત્યાં મારી શક્તિ ચાલી જાય છે.

૮૭

માણસ બીજાથી છેતરાતો નથી, પોતેજ પોતાને છેતરે છે.

૮૮

બધા કાયદાઓ વૃદ્ધ લોકોએ અને મરદોએ બનાવ્યા છે. જુવાનો અને સ્ત્રીઓ અપવાદ માગે છે, વૃદ્ધો નિયમો માગે છે.

૮૯

ચતુર માણુસ નહિ પણ ચતુરાઇ સત્તા ચલાવે છે; ડાહ્યો માણુસ નહિ પણ ડહાપણુ અમલ બજાવે છે.

૯૦

માણુસની પ્રશંસા કરવી એટલે પોતાને તેની કક્ષામાં મૂકવો.

૯૧

જાણવું એકલું બસ નથી, વાપરવું પણ જોઇએ; ઇચ્છવું એકલું બસ નથી, કરવું પણ જોઇએ.

૯૨

હવે પછી, જો કોઇ માણુસ કંઈક હુન્નર કે ધંધો નહિ કરે તો તેને બહુ ભારી થઇ પડશે. દુનિયામાં એટલા જલદી ફેરફારો થાય છે કે, જ્ઞાનથીજ માણુસ આગળ નહિ વધે; માણુસ બધી વસ્તુની નોંધ લઇ રહે તે વખત પોતે કયાં છે તે પણ કહી નહિ શકે.

૯૩

જયાં આપણે તેને ખોજતા ન હોઇએ ત્યાં મોટામાં મોટી મુશ્કેલીઓ પડી હોય છે.

૯૪

દરેક દિવસની કીંમત કરતાં બીજી કોઇ ચીજની કીંમત વધારે આંકવી ન જોઇએ.

૯૫

માણુસના ઇરાદાઓ પર બધાનો ખરેખરો આધાર

છે; જ્યાં ઇરાદો હોય ત્યાંજ વિચાર દેખા દે છે; અને જેવા ઇરાદાઓ તેવા વિચારો.

૯૬

પ્રતિભાને સત્યનો પ્રેમ તો અવશ્ય જોઇએ.

૯૭

સંપૂર્ણતા એ સ્વર્ગનું માપ છે. અને સંપૂર્ણ થવાની ઈચ્છા એ માણસનું માપ છે.

૯૮

પવનનું ઉડાવેલું પાંદડું ઘણીવાર પક્ષી જેવું દીસે છે.

૯૯

શાહામૃગને કેવી રીતે લાગણી થાય છે તે ચકલી જાણે છે?

૧૦૦

જે માણુસ સક્રિય થવા માગતો હોય તેણે અમુક ક્ષણે શું કરવું યોગ્ય છે એટલોજ વિચાર કરવાની જરુર છે, એટલે એનો રસ્તો સરળ થઈ જશે. આ બાબતમાં સ્ત્રીઓ, જો સમજતી હોય તો, વધારે ચઢીઆતી છે.

૧૦૧

પ્રતિપક્ષીઓ પોતાના અભિપ્રાયો ફરી ફરીને બોલે અને આપણુને સાંભળે નહિ ત્યારે ધારે છે એમ કે એઓ આપણું ખંડન કરે છે.

૧૦૨

દરેક માણુસ પોતે જે સમજે છે તેજ સાંભળે છે.

૧૦૩

ઘણા માણસો એમ ધારે છે કે જે જે તેઓ અનુ-ભવે છે તે બધું તેઓ સમજે છે.

૧૦૪

સ્ત્રી સાથે રાખીએ તેવું વર્તન જાહેર પ્રજા સાથે રાખવું જોઇએ; તેને જે સાંભળવું ન ગમે તેવું કંઇ પણ કહેવું ન જોઇએ.

૧૦૫

બધા વ્યવહારી પુરૂષો દુનિયાને પોતાના હાથ તળે લાવવા મથે છે; બધા વિચારકો દુનિયાને પોતાના માથા તળે લાવવા મથે છે. પોતે કેટલે અંશે ફ-તેહમંદ થાય છે તે બેઉએ પોતાની મેળે જોઇ લેવું.

૧૦૬

શું આપણે એમ કહીશું કે શેનો વિચાર કરી રહ્યો છે તેનો વિચાર ન કરી શકે ત્યારેજ માણસ ખરેખરો વિચાર કરે છે?

૧૦૭

શું કરવાનું છે અને તે કેવી રીતે કરવાનું છે તે માણસ જાણે તે પહેલાં કેટલાં વરસ સુધી એણે કંઇ ન કરવું?

૧૦૮

જો કે માણસ લાંબો વખત ઉંચી પદવી પર રહે તો, એ ખરૂં છે કે, જે બધાનો માણસને અનુભવ થાય

છે તે એ અનુભવતો નથી પણ એ તેને મળતુંજ બધું અનુભવે છે અને કદાચ કેટલુંક એવું અનુભવે છે કે જેનો બીજે કશે જોટોજ ન જડે.

બિચારા કાકી.

" અલિ, સાંભળે છે કે, આટલી બધી બુમો પાડું છું તે છતાં કેમ જવાબ નથી આપતી? "

" કેમ, શું છે ? " અંદરના ઓરડામાંથી જાણે ઘંટાનો રણકાર કે ઘોડાનો ખોંખાર કે ગ-ગ-ગધ્ધાના ભુંકારના (ગમે તે સમજો) જેવા મધુર સ્વરે મારા ભેજામાં રહેલા અહંકાર પર હલ્લો કરી શુનકારનું રાજ ફેલાવી દીધું.

" ના, એ તો મકુંજે " અમારા દૈવી અર્ધાંગનાને જરા સાત ડીગ્રી (ખાલી સાત નહિ, એકસો ને સાત) ઉપર જલદી ધસી જતા જોઇ બરફનો મારો શરૂ કર્યો, " હું એમ કહેતો હતો કે આપણા મોટાકાકી આજે પહેલીજવાર તને મળવા આવવાના છે. "

" તેમાં આટલી બધી તે બુમો શાની ? બળ્યું, દાળનું આધરણ ચુલામાં પડયું ને બધો ચુલોએ હોલવાઇ ગયો, જાણે કે "......

" હવે ફરી સળગાવજે, કંઇ નહિ, આજે તો રજાનો દિવસ છે એટલે બહાર કશે જવાનું નથી, " મેં મારા ધર્મ પત્નિને ઠંડા પાડતા કહ્યું.

" પણ આમ જો-"

" વળી શું છે? એકવાર કીધું તે સાંભળ્યું."

" એક વાત કહેવાની હું બીલકુલ ભૂલી ગયો." મેં આગળ ચલાવતા કહ્યું, " મોટાકાકી છે ને, તે કાને જરાતરા પોણુસોલ સાંભળે છે, સમજી ને,........ "

" તેમાં શું સમજવાનું હતું! નકામા ટાહ્યલા કરતાં આવડે છે બીજો કંઈ ધધોજ નથી." મારા પતિ છંછણી પડયાં.

" અરે એ ટાહ્યલાં નથી, પણ જરા ધીરી થઇને વાત સાંભળ, આમ વાત વાતમાં કાચી ખાવા ધસી જશે તો મોટાકાકી શું ધારશે? જો, નાનપણથી મોટાકાકીને અમારી સાથે તો જેમ સાધારણ રીતે વાત કરીએ છીએ તે ધાંટે સાંભળવાની ટેવ પડી ગઈ છે, પણ અજાણ્યું માણસ જરા ધીમું બોલે તો તે બરાબર સાંભળી શકતા નથી, માટે તારે ધાંટો પાડીને વાત કરવી પડશે, જરા અગવડ તો પડશે, પણ છૂટકો નથી." મેં સમજણ પાડતાં કહ્યું.

"ઓ, હો, એમાં શું થયું, કાકીજી બરોબર સાંભળશે તેમ બોલીશ" મારી સ્ત્રીએ તે માથે લીધું.

ભલા વાંચકવૃન્દ! મારા પર તમે તો નિર્દય ન થતા; કોણ જાણે કયા સનાતન, અરે ભૂલ્યે સ્નાન ચોઘડીયે મને સેતાનના બચ્ચાએ એવો ભરમાવ્યો કે બિચારા મારા ભલા મોટા કાકીનો તથા મારી ગરીબડી (પૈસે ટકે, સ્વભાવે નહિ) બિચારી એકની એક બાયડીનો ફેસ્તો કરવાના નાપાક વિચારે મારા અકકલમંદ ભેજામાં મજબુત ઘર કર્યું. (જે પાપનો પરતાપો આજે પણ કલેજાં ઉથલાવી ઉથલાવી, આંખમાંથી કારતકથી ભાદરવો, આસો વદ અમાસ વગર અટકવે વરસાવ્યો જાઉં છું) જે દિવસે મારા મોટા

કાકી આવવાના હતા તેને આગલે દિવસે ઉપર મુજબની ખબર મારી અર્ધાંગનાને આપી.

મારો મિત્ર જમુ મશ્કરી કરવામાં પાકો ઉસ્તાદ છે. આ કળા અને પાઠનો ગુરૂ પણ તેજ હતો. મેં ઘણા વખતે મળવા આવતા મોટા કાકીનો ફારસ ભજવવાનો વિચાર જણાવ્યો. મારા મોટા કાકી દેખાવમાં તો જાણે ઘીની બરણી જેવા અને સ્વભાવમાં પણ બરણીની અંદર રહેલા ઘીના જેવા નરમ હતા એટલે અમે નાનપણથીજ તેમના ઘી જેવા સ્વભાવનો વારંવાર ઉપયોગ કરવામાં જરાપણ પાછા પડતા ન્હોતા. વળી તેમનો સ્વર મૂળથીજ ઘોઘર, અને સાધારણ રીતે પણ કોઇની સાથે વાત કરે ત્યારે પણ જાણે લડતાજ ન હોય તેમ લાગતું. નાનપણના મસ્તી કરવાના ધખારાએ મારા મનમાં એટલું તો તોફાન મચાવ્યું કે લાચારી સાથે એક યોજના ઘડી કહાડવાની મારા મિત્ર બિચારા ભલા જમુને ફરજ પડી. બીજે દિવસે સાંજે છ વાગે મારે ઘેર આવવા તેણે કબુલ કર્યું.

બીજે દિવસે ગાડી આવવાના સમયે બરોબર મારી ગાડી લઇને સ્ટેશન પર મોટા કાકીને તેડવા ગયો. ગાડી આવી પહોંચી. સ્ત્રીઓના કમ્પાર્ટમેન્ટમાંથી એક બરણી જેવું શરીર બહાર નીકળવા પ્રયત્ન કરતું મને જણાયું. મેં તરતજ ઓળખ્યા. તેજ મારા કાકી હતા, હું ત્યાં જઇ પહોંચ્યો અને સામાન વગેરે સહિસલામત ઉતરાવી સ્ટેશન બહાર ગાડીમાં બરોબર ગોઠવાવ્યો. હું અને મોટા કાકી પણ ગાડીમાં બેસી ગયા.

“કેમ છે, દીકરા ?” એકાએક ધડાકો કેમ ન થયો હોય તે

પ્રમાણે મારા મોટાકાકીનો અવાજ સાંભળી હું ટટાર થઈ ગયો. પણ આ કાકીએ જોયું નહિ. હું જવાબ આપવા જાઉં છું ત્યાં ફરી પુછ્યું.

"વહુ કેમ છે? મજાની છે ને?"

"હા, કાકી, પણ–" આપણે અટકી ગયા.

"પણ શું?" આતુરતાથી કાકીએ પુછ્યું.

"જરા ખોડ છે."

"શી?"

"બધી રીતે સારી છે પણ કાને જરા ઓછું સાંભળે છે." આપણે ખુલાસો કરતા કહ્યું.

"ઓહો, તેમાં શું?"

"કાકી, મારી સાથે તો રોજની ટેવ પડી એટલે સાધારણ અવાજે હું કહું તે સાંભળે છે પણ બીજા ધીમે બોલે તે સાંભળી શકતી નથી. તમને જરા ધાંટો પાડીને બોલવાની તસ્દી લેવી પડશે. ખરેખર મને બહુ લાગી આવે છે." મેં વ્યૂહ રચના કરી. મારા ભલા ને ભોળા કાકી આ વ્યૂહ રચનામાં બરાબર ફસાયા. ઉલટા તે તો કહેવા લાગ્યા કે "મને ધાંટો પાડીને વાત કરવાનો તો મ્હાવરો છે, એમાં મને કંઈ તસ્દી નહિ પડે."

વાત કરવામાં તો ગાડી ઘર આગળ આવી પહોંચી. મારી અર્ધાંગના ઓટલે રાહ જોતી ઉભી હતી. અને જમુ જાણે તેના કોઈ સગાને હમણાંજ સ્મશાનમાં અગ્નિદાહ કરી આવ્યો હોય તેમ ગંભીર અને શોકમગ્ન, સલુકાઇથી પહેલા માળની બારી આગળ અમારી રાહ જોતો ઉભો હતો.

મારા કાકી ગાડીમાંથી ઉતર્યા અને ઓટલાના પગથીયા આગળ જઈ પહોંચ્યા.

"કાકીજી, કેમ મજામાં છો ને ?" એન્જીનના પાવાને ભુલાવે તેવી ચીસ પાડતા મારી ધર્મપત્નિ બરાડી ઉઠી. તેની સાથેજ રસ્તાની સામી બાજુએ વેગણ જોખતા ઉભેલા સિપાઈ દાદાએ પણ ભડકીને એકદમ બાજુ પર સુતેલા કુરકુરીયાના પગ પર પગ મુકતાજ જમીનને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને એક બાજુ કુતરાની ચિચિઆરી અને બીજી બાજુ વહુજીની ચીસ સાંભળીને મોટા કાકી તો પગથીયું ચુકી નીચે પડતાં પડતાં સહેજમાં બચી ગયા.

"હા મજામાં, તું કેમ છે, વહુ દીકરા ?" જર્મન હોવીટઝર તોપના ધડાકાને ભૂલાવે એવો ઘાંટો પાડી કાકીએ પુછ્યું. કાકીના તોપ જેવા અવાજે ઓરડાના બારી બારણાં પણ ટાઢીઓ તાવ ન આવ્યો હોય તેમ ધ્રુજી ઉઠયા.

મેં બારી તરફ જોયું તો જમુ ગુલડબ્બો થઇ ગયો હતો. જન સ્વભાવ કયાં સુધી ટકી શકે ? હું તો ગાડીની અંદર ડાચું ઘાલીને કલેજું ઉથલાઇ પડે ત્યાં સુધી હસ્યો, હસતાં હસતાં પેટમાં દુખાવો અને આંખમાંથી પાણી નીકળવા લાગ્યા.

હું ઓરડામાં દાખલ થયો ત્યારે મારી ધર્મપત્નિ કાકીને બદલવાને લુગડું આપતી હતી અને બગલો જમુ શોકમગ્ન ચહેરે સામી ખુરસી પર બેઠો હતો.

"મુસાફરીમાં તમને કંઇ અડચણ નહિ પડી હોય ?" જાણે મોટી આગ લાગી હોય તેમ એકાએક બંબાઓ તૈયાર કરવાના ઘંટાની માફક મારી પત્નિ ગાજી ઉઠી અને તે સાંભળતાંજ જમુ તો

ખુરસી ઉપરથી છલાંગ મારીને ઉભો થઇ ગયો.

"જરા ભીડ વધારે હતી" લશ્કરી ઢોલની માફક મારા કાકી તડુકયા. અને એ પ્રમાણે વાતચીત ચાલુ રહી.

મને નક્કી ખાતરી છે કે આજુબાજુના પડોસીઓ આ વાતચીત બરોબર સાંભળતા હોવા જોઇએ, કારણ કે હું છેક ત્રીજે માળે પણ તેમની વાતો સ્પષ્ટ સાંભળી શકતો હતો.

બીજે દિવસે બપોરના એક ટોળું મારા ઘર આગળ ભેગું થઈ ગયું અને સામેથી બે સિપાઈ દાદાઓ પણ આવતા જણાયા. આ બધી ધાંધળની ખબર કાઢતાં માલમ પડયું કે ઘરમાં લડાઈ થતી સાંભળવા તેઓ ભેગા થયા હતાં મેં તેમને કારણ સમજાવી રસ્તે પાડયા.

સાંજ સુધીમાં તો કાકીએ મને ખાનગીમાં બોલાવીને પૂછયું કે વહુ કેવા મોટા ઘાંટા પાડી બોલે છે; છાતીમાં દુખવા નથી આવતુ?

"બધા બ્હેરા એમજ બોલે," મેં કહ્યું, "અને એને તો ટેવ પડી એટલે કંઈ લાગે નહિ." આથી મારા કાકીને સંતોષ થયો.

થોડોક વખત ગયા બાદ મારાં શ્રીમતી મને મળ્યા અને કહ્યું, "બળ્યું! કાકીજી તે બોલે છે કે ભું કે છે? આટલું મોટેથી તે કંઇ બોલવાનું હોય?"

"હા," મેં કહ્યું, "બધા બ્હેરા લોકો એમજ બોલે; પોતે બ્હેરા એટલે આખી દુનિયાને બ્હેરી સમજે. તું બોલે છે એ અક્ષરે અક્ષર સમજી શકે છે અને મને કહેતા હતા કે વહુનો અવાજ કેવો મીઠો અને ચોખ્ખો છે."

આમ બન્ને જણાના મનનું સમાધાન કર્યું એટલે ગડગડાટ

અને ગાજવીજની માફક વાતો થતી ચાલુ રહી. મારૂં ઘર તો જાણે ધરતીકંપના સપાટામાં સપડાયું હોય તેમ ધ્રૂજવા લાગ્યું. રસ્તે જતા આવતાં કુતરાઓ પણ મારા ઘર પાસેથી પુંછડું બે પગ વચ્ચે ઘાલી ચુપચુપ પસાર થઈ જતા. મને બીક લાગવા માંડી કે રખે પાછી લોકોની મેદની જામે અને તેમાંથી કંઇ નવનું સાડાતેર વેતરાઇ જાય તો પંચાત.

પરંતુ અંત નજીકમાંજ હતો. મારા કાકીનો સ્વભાવ જરા શોધક હતો અને તેથી તેમણે મારી સ્ત્રીને આટલા મોટા ઘાંટા પાડવાથી કંઇ ત્રાસ નથી પડતો એ શોધવાને તત્પર થયા, અને વાઘ ગર્જે ઉઠે તેમ બરાડી ઉઠયા. વળી સ્વર પણ મૂળથીજ ઘોઘર. "આટલા મોટા ઘાંટા પાડવાથી છાતીમાં વેદના નથી થતી ?"

"અરે ત્રાસ પડે છે," મારી પત્નિએ ચીસ પાડી કહ્યું.

"ત્યારે આમ બુમ પાડવાની શી જરૂર ?" ગડગડાટ કરતાં ફરી પૂછયું.

"કા–કારણ કે તમને જરા સંભળાય છે ઓછું માટે.— "

"શું ? " વચ્ચેજ મારા કાકી તડુકયાં અને ધરતી કંપનો આચકો લાગતા જેમ ઝબકી ઉઠે તેમ ખુરસી પરથી સડક ઉભા થતા આશ્ચર્યચકિત થતાં પૂછયું.

આપણે જોયું કે હવે બધું બફાઇ ચુકયું છે, અને પોબારા ગણી જવામાંજ મઝા છે. આજુ બાજુ નજર નાખી તો જમુ કયારનો વંજો માપી ગયો હતો. હું પાછળ વાડામાં ગયો અને ત્યાં જમુને ઘાસ પર બે હાથમાં ઝાડુ ખોસીને ટાંટીયા ઉંચા કરી સુતેલો જોયો. મેં પણ તેમજ કર્યું. અને હું ધારૂં છું કે આમ હસવાનું દબાવી

રાખવા સારૂ વધારે વાર રહ્યા હોત તો શરીરના કોઇ પણ ભાગમાં દુઃખાવો થયા વગર રહેતે નહિ. પરંતુ એટલામાં તો જમુને એવું તો ખીલખીલ હસવું આવી ગયું કે અમો કયાં હતા તે પકડાઇ ગયું.

આ બધી ધમાલ અને ભવાઇનું કારણ હુંજ હતો એમ મારા કાકીએ તથા મારા પતિએ જાણ્યું ત્યારે બન્ને જણા કાળકા માતાની માફક ક્રોધાંધ બની અમારા તરફ આવ્યા અને મારા કાકીએ એવા તો સખત ભાષામાં મને પુષ્પાંજલિ આપી કે એનું અહિંઆ વર્ણન કરવાનું કે ઉતારો આપવાનું સ્થાન નથી.

જમુએ છેલ્લે બાજી માર્યું ન હતે અને ઠાવકો બની રહ્યા હતે તો કોણ જાણે શું પરિણામ આવતે તે ભગવાન જાણે. પરંતુ આ બનાવ જ્યારે મને યાદ આવે છે ત્યારે મારૂં કલેજું ઠેકાણે નથી રહેતું.

બુદ્ધિશાળી વાંચક! આવો અખતરો અજમાવવાનો ધખારો તારા અક્કલમંદ ભેજામાં ન પેસે એજ ઇચ્છા સાથે હું આ કહાણીએ કકડધસ સમાપ્ત કરૂં છું. ઇત્યલમ્.

સોવિયેટ અને સાહિત્ય.

એક દિવસ એવો હતો જ્યારે યુરોપના અર્ધભાગથી વધુ જગા રોકતા મહાખંડ સમાએ રૂસ દેશને—રૂશિઆને સારા જગતના ઇતિહાસમાં જરાયે સ્થાન નહોતું. ભૂગોળમાં પણ રૂશિઆની ભૂગોળ મહત્વની ગણાતી. બેચાર શહેરોનાં

નામ જાણ્યાં—દેશ જંગલી અને અભણ છે, તથા ખેતીનો પ્રદેશ છે એટલી નોંધ કરી લીધી કે આગળ ચાલવાનું થતું. આજે પરિસ્થિતિ એથી કેવળ વિપરીત થઇ ગઈ છે. આજે એજ રૂશિઆના બોલ્શેવિઝમથી સારી આલમ થર થર ધ્રૂજે છે અને જુદા જુદા મહારાષ્ટ્રો પણ પોતાના જનસમાજ પર તેની અસર ન થાય પોતાને ત્યાં તેના પડઘા ન પડે—તેને માટે તનતોડ પ્રયત્નો કરી રહ્યાં છે. એટલુંજ નહિ, પણ એક મહાપ્રજા તરીકે જગતમાં રૂશિઆનું સ્થાન નક્કી થઇ ચૂકયું છે. કેવળ નવીજ પદ્ધતિનું રાજતંત્ર ગોઠવી તેનો અખ્તરો સફળ રીતે કરવાનું માન, જર્મની જેવા રાજતંત્ર કુશળ દેશને નથી મળ્યું, વિલાયત જેવા વણિકબુદ્ધિપ્રધાન રાષ્ટ્ર ને પણ નથી મળ્યું—પણ, —પણ એજ અભણ, અજ્ઞાન રૂશિઆ દેશના ખેડુતોને મળ્યું છે.

અને—અને આજે ત્યાં સોવિયેટના સામ્રાજ્યમાં સાહિત્યનો સોનાનો સૂરજ ઉગ્યો છે. દેશમાં વિપ્લવ થાય, દેશમાં ક્રાન્તિ થાય તે વેળા સાહિત્યમાં ક્રાન્તિ ન થાય એવું બનતું નથી. અસહકાર રૂપી જબરદસ્ત ક્રાન્તિનું મોજું આપણે ત્યાં આવ્યું તેની આપણા સાહિત્ય પર અતિશય મહત્વની, ચિરસ્થાયી અને બહુ પરિણામકારક અસરો થયા વિના રહી નથી. એજ સોવિયેટ સરકાર સ્થપાઇ તે પૂર્વેના રૂશિઆના સાહિત્ય પ્રત્યે થોડો દૃષ્ટિપાત કરવાની જરૂર છે. ત્યાં આગળ છાપખાનાનો અને પુસ્તકો પ્રસિદ્ધ

કરવાનો કાયદો એટલો બધો કડક હતો કે રાજ સામે તો કોઇ નજ લખી શકે—પરંતુ સમાજસેવા કે સામાજિક સુધારણા જેવા અતિ સર્વમાન્ય વિષય પર પણ કોઈ લેખક જોરદાર વિચારો રજૂ કરી શકતો નહિ. ટોલ્સ્ટોયનું સાહિત્ય આપણને આ રીતે ઘણુંજ ઉણું મળ્યું છે. એના ઘણાક નાટકો તેમજ એની અત્યારે અતિ તીવ્ર અસર વાળી ગણાતી આ વાતો પણ જ્યારે એને એના મૂળ લખાણ પરથી ફીકી બનાવીનેજ બહાર આપવી પડતી, એ જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે એના મૂળ લેખોમાં કેટલું ઓજસ હશે એનો ખ્યાલ કરતાં બુદ્ધિ બહેર મારી જાય છે. " મારા મત " નામનું એનું પુસ્તક ૧૮૮૩ ના નવેમ્બર માસમાં એમણે સંપૂર્ણ તૈયાર કર્યું. એમની તો ખાતરીજ હતી કે સરકારી પરીક્ષક—જેની પરવાનગી શિવાય રૂશિઆમાં એક પુસ્તક પ્રકટ થઈ શકતું નહિ—તેની આગળ એ મૂકવુંજ વ્યર્થ છે. આથી પરવાનગી વગરજ પચાસ પ્રત છપાવવી. છતાં આખરે મિત્રોના આગ્રહથી તેમણે સરકારી અમલદાર સમક્ષ એ પુસ્તક મૂક્યું—તો—એ નામંજુરજ થયું. અને એ પુસ્તક લોકોમાં વાતો પ્રસરવાથી પ્રખ્યાત થયું હતું એટલે હસ્તલેખરૂપે અને અને પાછળથી જીનિવામાં ખુલ્લી રીતે છપાઈને ફેલાવા લાગ્યું ! તથા બધી ભાષાઓમાં તેનાં ભાષાંતર થયાં પણ ઘણાં વરસો સુધી તે રૂશિઆમાં તો નજ બહાર પડેલું ! આ પ્રમાણે એના કેટલાંયે બીજાં પુસ્તકો અને લખાણો

વિષે થયું હતું.

સરકારી જુલમને લીધે રૂશિઆનું સાહિત્ય દબાયેલું, ચંપાયેલું કચડાયેલુંજ રહ્યું હતું, છાપાઓમાં સ્વતંત્ર વિચારો પ્રગટ થઇ શકતા નહિ. વળી ખુબ ભણેલા પૈસાવાળા લોકેજ છાપાં ચલાવતા એ દેખીતું છે. અને તેઓ તો સરકારી કાયદાને માન આપવાવાળા હતા—તેમાંજ તેમનો પોતાની સંપત્તિના રક્ષણનો સ્વાર્થ સમાયલો હતો. વળી બીજાં છાપાંવાળાઓ પણ પોતાનું પત્ર તથા પ્રેસ જપ્ત થશે એ બ્હીકે એ વિષેના સરકારી અમલદારે કાઢેલા કાનુનો—કાયદાઓ પ્રમાણેજ વર્તતા. ઝાર બાદશાહે લડાઇ દરમ્યાન પ્રજાને સ્વતંત્ર આપનારો જે ખરીતો બહાર પાડયો હતો તેનાં પણ છાપાંઓને કાયદે તો જેમનો તેમ અકબંધ રાખી મૂકયો હતો.

આ પ્રમાણે સોવિયેટની સ્થાપના પહેલાં રૂશિઆનું સાહિત્ય અંધકારમય હતું એમ કહીએ તો ચાલે; અને એક ટોલ્સ્ટોય ન પાકયો હોત તો જગતના સાહિત્યમાં કોઇએ તેને પિછાન્યું પણ ન હોત. જોરદાર, તથા સ્વતંત્રતા અને શક્તિથી ઓતપ્રોત વિચારોવાળા લખાણો ઝાર પ્રગટ થવાજ ન દેતો અને વર્તમાનપત્રોપર પણ તલ્વાર લટકતીજ રહેતી. પરન્તુ હવે તો જમાનો કેવળ બદલાઇ ગયો છે. હવે તો રૂશિયાનું વાતાવરણ જાણે સ્વતંત્રતાથી બહેકી ઉઠયું છે. તેજ પ્રમાણે ત્યાંના સાહિત્યમાં પણ સોનાનો સૂરજ ઉગ્યો છે. હવે ત્યાં કોઇ પણ જાતના વિચારો પ્રગટ કરવાની બંધી રહી નથી. કોઇ પણ જાતની નવી યોજ-

નાઓ, નવા મંતવ્યો, રાજવિરોધી લખાણો પણ હવે પ્રગટ કરવામાં વાંધો આવતો નથી. કારણ—એક વેળા જેઓ રાજના શત્રુ હતા, જેમણે પોતાના લેખો પ્રગટ કરવાની સ્વતંત્રતા ભોગવવા સારૂ તો દેશનિકાલ અને જેલ વેઠયાં હતાં, તેવા લેનીન આદિએજ આ નવું તંત્ર સ્થાપ્યું, એટલે તેઓ જેને માટે પોતે સહન કર્યું તે બાબતની છુટ મૂકેજ એ કેવળ સ્વાભાવિક છે.

અને ત્યાંના છાપખાનાઓ જે મજુરોથી ચાલે છે તેમનું ઋણ યુવાન રૂશિઆ પર અતિ ભારે છે. સોવિયેટે લખવાની સ્વતંત્રતા આપી છે, પરન્તુ તેથી રાષ્ટ્રનો પ્રાણ દાબી દે તેવું—રાષ્ટ્રની પવિત્રતા તથા શક્તિમત્તાનો નાશ કરે તેવું—રાષ્ટ્રની ઉગતી જતી ખીલતી જતી પ્રતિભાને તથા સાહિત્યની શુદ્ધતાને નષ્ટ કરે તેવું સાહિત્ય તો પ્રગટ નજ થવું જોઇએ એ વાત ત્યાંના છાપખાનાઓ બરાબર સમજે છે. જ્યારે દેશવ્યાપી હડતાળો રૂશિઆમાં પડી હતી ત્યારે જુદા જુદા મજૂરોએ જુદા જુદા મંડળો સ્થાપી કાનુનો નક્કી કર્યા હતા. છાપખાનાઓના મજૂરોએ પણ એજ પ્રમાણે સભાઓ કરીને પોતાની નીતિ નક્કી કરી હતી કેઃ—

છાપખાનાઓને પોલિસ તેમજ સરકારી કાયદાના પંજામાંથી મુકત કરવા એટલેથીજ ખરેખરી ફરજ પતી જતી નથી. આપણો એમાં રોટલો રહેલો છે એ ખરૂં, પણ છાપખાનાંઓ સ્વતંત્ર થવાથી દેશમાં હજારો લોકો લખવાનું

શરૂ કરશે. વાર્તાઓના લખનાર, ધર્મ સાહિત્યના લખનાર, કવિઓ, નવલકથાકારો, રમૂજી લખનારાઓ વગેરે સઘળા આ નવી સ્વતંત્રતા મળતાંજ લખવાની ધમાચકડી મચાવી મૂકશે. વાંચકો પણ વધી જશે. વાંચકો અને લેખકો વધતાંજ નવા નવા છાપખાનાંઓ નીકળતાં જશે જૂનાં છાપખાનાંઓને પણ કામનો પ્રશ્ન નહિ રહે એટલે કે આપણું અન્નક્ષેત્ર તો વિશાળ થવાનુંજ. હડતાળીઆઓએ નિશ્ચય કર્યો હતો કે રાજના જે કાનુનો છે (તે વેળા ક્રાન્તિ ચાલતી હતી—સોવિયેટ વ્યવસ્થિત રીતે સ્થપાઇ નહોતી) તેનો માલિકો અને પ્રકાશકો પાસે ભંગજ કરાવવો અને એ રીતે જે કબુલ થાય તેનેજ ત્યાં કામ કરવું.

અને એ પછી હડતાળ શમી ગઇ. છતાં મજૂરોએ પોતાના કાનુનો તો ચાલુજ રાખ્યા. કોઇ પણ લખાણ, પુસ્તક, જાહેર ખબર, નાની પત્રિકા—એવી છપાવા આવે કે જેના પ્રચારથી દેશને નુકસાન થાય, દેશના સ્વાર્થમાં ખલેલ પહોંચે તે આ મજુરો હાથમાં લેતા નથી—તેમ તેને અંગેનું એક પણ કામકાજ કરતા નથી. આ એમનો એક અવિચળ કાયદો છે. અને તેને અંગે રૂશિઆમાં રદ્દી કુચરાપટી અશ્લિલ તેમજ દેશને હાનિકર્ત્તા સાહિત્ય પ્રગટ થઇ શકતું નથી. આ પ્રમાણે આ મજુરોએ રૂશિયન સાહિત્યમાં કેવળ નવો યુગ પ્રવર્તાવી દીધો છે. સાહિત્યની સેવા ફકત બુદ્ધિશાળી કે મસ્તિષ્કજીવી લોકોનાજ હાથમાં

છે એમ જેઓ ધારતા હોય તેમને આમાંથી ઘણુજ નવું શીખવાનું મળે છે, રૂશિઆનું સાહિત્ય હવે કુદકે અને ભુસકે આગળ વધે છે. છતાં તે તદ્દન જુદા પ્રકારનું છે બીજા દેશોમાં જે જાતનો અંકુશ ન હોવાથી સાહિત્યમાં સડો દાખલ થાય છે અને તેને દૂષિત કરે છે તે જાતનો અંકુશ અહિં દાખલ થઈ ગયો છે. અને તેને લીધે હમણાંનું રૂશિઅન સાહિત્ય વધારે સમર્થ અને પ્રતિભાવન્તું નીવડે છે. હજૂ વખત ઘણો જુજ થયો છે એટલે તેનાં મીઠાં ફળ જગતને ચ ખવાને બહુ નથી મળ્યાં. સાહિત્યનું ઘડતર યોગ્ય સમયેજ સંપૂર્ણ થાય છે એટલે થોડા સમયમાં કોઈ નવીજ પ્રતિભાથી રૂશિઅન સાહિત્ય ખીલી ઉઠશે એમાં જરાયે શક નથી. **નટવર વીમાવાળા.**

સાહિત્ય અને અસ્પષ્ટતા

એક પ્રાચીન લોકોક્તિ છે કે **आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखीभवेत्** । આહાર ને વ્યવહારમાં સ્પષ્ટ રીતે બોલનારાજ સુખી થાય છે. આહાર ને વ્યવહારમાં કદાચ એમ હશે; પરંતુ સાહિત્યમાં તો તદ્દન જૂદુંજ છે. એમાં તો અસ્પષ્ટ કાવ્યો અને લેખોજ ઉત્તમ ગણાય છે. અસ્પષ્ટતા એ તો **म्लानस्य काव्यकुसुमस्य रसायनानि** ।-કરમાઈ ગએલા કાવ્યકુસુમને પુનરુજ્જીવન દેનાર રસાયન સમી છે. આજ કારણથી મહા કવિઓ ને લેખકો વખણાય છે તેટલા વંચાતા નથી. લોકોત્તર પુરુષોનાં હૃદયો કોણ સમજશે ? એમ

એક સંસ્કૃત કવિએ કહ્યું છે. જો એમના હૃદયો સમજાય એવાં નથી તો પછી એ હૃદયમાંથી નીકળેલાં કાવ્યો તો કેમ સમજાય?

એકલા કાવ્યોમાં નહિ પણ સાહિત્યના સર્વ વિભાગોમાં અસ્પષ્ટતા આવશ્યક છે. અસ્પષ્ટતા એ તો સાહિત્યનો પ્રાણ છે. અસ્પષ્ટતા નીકળી જાય તો સાહિત્યમાંથી—ખાસ કરીને આપણા અર્વાચીન સાહિત્યમાંથી કેટકેટલા લેખો ને કાવ્યો માર્યાં જાય?

આર્ય પ્રજાનો પરમ પૂજ્ય ગ્રંથ, વેદ નિહાળો. પ્રથમ દર્શને એક અક્ષર પણ તમારાથી નહિ સમજાય. અને આટલા માટે જ વેદની પૂજનીયતા ટકી રહી છે. જૂના કવિઓનો અભ્યાસ કરવાનું પણ આજ કારણ છે. જેનામાં જેટલી અસ્પષ્ટતા તેટલું તેનું મહત્વ: આ સૂત્ર સર્વ રીતે સાચુંજ છે. કોઇ પણ દેશના સાહિત્યમાં અસ્પષ્ટ લેખકો પૂજાયા છે તેટલા બીજા કોઇ પણ પૂજાયા–વંચાયા પણ નથી. ઇંગ્લંડના મિલ્ટન ને બ્રાઉનિંગથી માંડી અત્યારના બર્નાર્ડ શૉ સુધીના સર્વ સાહિત્યકારોની કીર્તિનો પાયો ઉપલા સૂત્ર પરજ રચાયો છે. ખરૂં પૂછો તો ઇશ્વરનું મહત્વ શેમાં છે? એની કૃતિની અસ્પષ્ટતા અને એની પોતાની વ્યક્તિ તરીકેની અસ્પષ્ટતા એજ એની પૂજાનું કારણ નથી? ઇશ્વર અને એની કૃતિ આપણે ચોક્કસ રીતે સમજતા હોત તો એને પૂજત ખરા?

આ પ્રમાણે પૂજનીયતા અસ્પષ્ટતા પરજ અવલંબે છે. એટલુંજ નહિ પણ અસ્પષ્ટતા વિના સંપૂર્ણતાને પણ અવકાશ નથી. અસ્પષ્ટતા એટલે સંપૂર્ણતા. Perfect art returns to nature એ આંગ્લ કહેવત પણ આજ વાત સિદ્ધ કરે છે. જ્યારે કલા સંપૂર્ણ દશાએ પ્હોંચે છે ત્યારે તે કુદરત–અર્થાત અસ્પષ્ટતા (કુદરતની અસ્પષ્ટતા

સ્વયંસિદ્ધ છે.) રૂપ બની જાય છે. અને આથીજ ઇશ્વર સર્વ રીતે સંપૂર્ણ—અર્થાત્ સર્વ પ્રકારે અસ્પષ્ટ ગણાય છે.

સૌંદર્ય ને લાલિત્યનો આધાર પણ અસ્પષ્ટતા પર છે. સ્પષ્ટ પ્રકાશવાળા મધ્યાન્હના સૂર્યને સુંદર ન ગણતાં, ઉષા ને સન્ધ્યાના આછાં ને અસ્પષ્ટ તેજ પર આપણે મોહી પડીએ છીએ; રાગ ને તાલમાં ગાનાર ગવૈયાના કરતાં કોયલનો દૂર દૂરથી સંભળાતો અસ્પષ્ટ અવાજ આપણા હૃદયમાં અનેરો ભાવ જગાવે છે; વાઘ ને સિંહની સ્પષ્ટ ને ઇચ્છાસૂચક ગર્જના કરતાં સાગરનાં ગર્જન વધૂ આલ્હાદજનક લાગે છે; ને બ્હેનના કરતાં સ્ત્રી વધારે સુંદર લાગે છે તેનું કારણ પણ એજ છે લોકસૃષ્ટિ કરતાં કલ્પનાસૃષ્ટિ વધારે સુંદર છે કારણ કે કલ્પનાસૃષ્ટિ વધારે અસ્પષ્ટ છે. સ્ત્રીઓને પરદેનશીન રાખવાનો રિવાજ વ્હેમ કરતાં સૌંદર્યના એ ઝીણા તત્વની સમજનો સૂચક નથી ?

સત્યનો આધાર પણ અસ્પષ્ટતા પર છે. આથીજ એક લેખકે કહ્યું છે કે 'Truth is more romantic than romance.' ને સત્યને શોધવા અનેકાનેક મનુષ્યો ફાંફાં મારી રહ્યા છે પણ કોઇ કોઇ બિચારાને એ જડતું નથી તેનું કારણ શું ?

ઓજસ્ ને પ્રભાવનું મૂળ પણ અસ્પષ્ટતા છે. દુશ્મનો સ્હામાના સૈનિકોની સંખ્યા અને તેનું બળ જાણતા નથી ત્યાં સુધી ગભરાયા કરે છે; પણ એક વાર એ વાતની ખબર પડી એટલે રણાંગણમાં સજ્જ થઇને ચાલ્યા આવે છે, શરીરબળ કરતાં આત્મબળ ઉંચું ગણવામાં આવે છે; સોટી કરતાં ઉપવાસનું માહાત્મ્ય મ્હોટું મનાય છે. એ સર્વ શું બતાવે છે? સ્હામા મનુષ્યનું બળ આપણે માપી

શકતા નથી ત્યાં સુધીજ તેને મ્હોટા માનીએ છીએ.

આ પ્રમાણે મહા પુરુષો અસ્પષ્ટ છે, સંપૂર્ણતા અસ્પષ્ટ છે, પ્રકૃતિ અસ્પષ્ટ છે, સૌંદર્ય અસ્પષ્ટ છે, કલ્પના અસ્પષ્ટ છે, સત્ય અસ્પષ્ટ છે, ને ઓજસ્ ને પ્રભાવ અસ્પષ્ટ છે. સાહિત્યના આ સર્વ આવશ્યક અંગો અસ્પષ્ટ છે તો સાહિત્ય પણ અસ્પષ્ટ શા માટે ન હોય? સાહિત્યનો વિકાસ એટલે અસ્પષ્ટતાનો વિકાસ. પુષ્પની સુંગંધનો શો અર્થ? તો સાહિત્યકુસુમની સૌરભનો પણ શો અર્થ હોય?

આપણા પ્રાચીન સાહિત્યમાં અસ્પષ્ટતાનાં બીજ માત્ર દેખાય છે. પણ એ કલાનો વિકાસ તો આપણા અર્વાચીન લેખકોજ કરી રહ્યા છે. અને એ દિશામાં રવીન્દ્રનાથ ટાગોરે જે ફાળો આપ્યો છે તે ભૂલાય એવો નથી. રવીન્દ્રનાથ પોતે અસ્પષ્ટ નથી પણ એમના ગુર્જર વારસોએ આ કલાને વિકસાવી છે તેનું મૂલ્ય તો અપરિમેય છે. કેટલાક દોઢડાહ્યાઓ ટીકા કરે છે કે બળદના શરીરની મહત્તા પોતાના પરિવાર આગળ બતાવતાં દેડકી ફાટી ગઇ તેમ એ મહાકવિની વિરાટ ભાવના પોતાની વામનતામાં ઉતારવા જતાં આપણા લેખકો અક્કલ ને અર્થના પ્રદેશની બ્હાર જતા રહે છે, તે માત્ર તેમનો ઇર્ષ્યાળુ સ્વભાવ બતાવે છે.

આચાર કરતાં વિચારનું સ્વરૂપ સૂક્ષ્મ છે, અને ભાવનાનું સ્વરુપ એથી પણ સૂક્ષ્મ છે. આથી ભાવનાનું નિરુપણ સૂક્ષ્મ અર્થાત્ અસ્પષ્ટ થાય એ સ્વાભાવિકજ છે. એ સમજ્યા વગર કેટલાક ટીકા કરે છે કે “ લેખક પોતે પણ શું કહેવા માંગે છે તે સમજતો નથી, કંઈ કહેવા માંગતોજ નથી, અથવા કહેવા માંગે છે

ને કહી શકતો નથી. રાજસૂય યજ્ઞ વખતે ધૂળને પાણી સ
કપડાં ઉંચા લેતા દુર્યોધન જેવી બુદ્ધિ એ લેખક બતાવી રહે
પરંતુ એવા અણુસમજુ ટીકાકારોની પરવા એવા લેખકો રાખ
નથી અને લખ્યાંજ જાય છે. કારણ કે તેઓ જાણે છે, કે કે
સમજાય નહિ તેથી કંઈ વસ્તુની કીંમત ઘટી જતી નથી. (
એથી તો તેની કિંમત વધે છે. પડદો ઉઘડ્યા પ્હેલાં પ્રેક્ષ
કલ્પના કેટલી ઉંચી ઉડી રહે છે અને પડદો ઉઘડે એટલે આકાશ
પૃથ્વી પર આવ્યા હોય એમ પ્રેક્ષકને અનુવભ થાય છે. પરંતુ ઉપર
તેવા લખાણોમાં અસ્પષ્ટતાનો પડદો કદિ પણ ઉંચકાતો જ નથી તેથી
કને કલ્પના અંદ થવાથી ઉત્પન્ન થતી નિરાશાનો અનુભવ થતો જ

નવીન કહેવાની ઇચ્છા સર્વને હોય છે. પણ નવીન કહેવાનુ
બહુજ ઓછાને જડે છે. આથી અસ્પષ્ટ રીતે કહ્યું હોય તો તેમાં
નવીનતાનો ભાસ તો લાગેજ એટલું જ નહિં પણ એમાંથી જેને
જે અર્થ કાઢવો હોય તે કાઢી શકે. ધ્વનિકાવ્ય તે આજ, 'કવિત્ કેરી
સરિત્' તે આનુંજ નામ. એ સરિત્‌માં જેને જોઇએ એટલું પાણી
ચંચુ ભરીને લઈ જાય અને ફાવે તે કાળમાં એનો ઉપયોગ કરી
શકે. આવી સાહિત્ય સરિત્‌નો રસપ્રવાહ અવિરામ ધારે વહી
હોય છે તેનાં દર્શન પણ અર્થની પાળથી ચારે બાજુએ બ
રહેલા ખાબોચિયામાં ક્યાંથી થાય ?

સાહિત્ય એટલે જીવનનું પ્રતિબિંબ. જીવનમાં અસ્પષ્ટત
હોત તો જીવન જીવવા જેવા થાત ? સાહિત્યમાં અસ્પષ્ટતા ન
તો ગદ્યકાવ્યો ને લેખો લખાત ?

આવી અસ્પષ્ટતાનો વિકાસ કરવો એ સર્વ લેખકોનું ધ્યેય
એવો અભિલાષ, અત્યારનું વાતાવરણ જોતાં વધારે પડતો નથી.

જ્યોતીન્દ્ર હ. દવે.